અમદાવાદના મહે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ
નં.૯, અમદાવાદ સમક્ષ.
ક્રિમી. કેસ નંબર /

**કબુલાત પુરસીસ અન્વયે હુકમ.**

૧. આ કામના આરોપી વિરુધ્ધ પોલીસ સ્ટેશનમા ઈ.પી.કોડ કલમ:૨૮૩ મુજબના ગુનાની ફરીયાદ આવેલ, જે સંદર્ભે પોલીસે તપાસને અંતે ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આરોપી કોર્ટમાં સમન્સ બજતા હાજર હોય, કેસની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ આપી ગુન્હાની સ્વૈચ્છિક કબુલાત કરેલ છે અને તેની સદરહુ ગુન્હા અંગે થી જવાબ લેવામાં આવેલ છે. આરોપી પોતે ગરીબ માણસ છે. આ પ્રથમ ગુનો અજાણતા થયેલ હોય, દયા કરવા કોર્ટને અરજ કરેલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતા, આરોપીને ઓછી સજા કરવી જોઈએ તેવુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવું છે તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમા લઈ નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**:: હુ ક મ ::**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ: ૨૫૨ મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ: ૨૮૩ મુજબના ગુન્હામાં તકશીરવાન ઠરાવી ગુના બદલ રુ.૧૦૦/- જો આરોપી દંડ ન ભરે તો તે બદલ દિન-૦૪(ચાર) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ,
તા.૧૨/૦૩/૨૦૨૨. (આર. આર. દેસાઈ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,અમદાવાદ
કોર્ટ નંબર ૯, Unique Code No. GJ01089